# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-06-2024** **Evening : 7.10 to 7.20**
**Day: THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.

---

- **લોકસભાની ચૂંટણીના પરિણામ બાદ નવી સરકાર રચવાની કવાયત તેજ બની - ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષે કેન્દ્રિય મંત્રીઓ અને પક્ષના વરિષ્ઠ નેતાઓ સાથે બેઠક યોજી.**
- **રાજ્યની વડી અદાલતે રાજકોટ દુર્ઘટના મામલે રાજકોટ મહાનગરપાલિકાની ટીકા કરી.**
- **ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર, ડેપ્યુટી મેયર સહિતના હોદ્દેદારોની ચૂંટણી 10મી જૂને યોજાશે.**
- **અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદની રાષ્ટ્રીય કારોબારી બેઠક આવતીકાલથી 9 જૂન સુધી સુરતમાં યોજાશે.**
- **હવામાન વિભાગની આગામી સાત દિવસ સુધી રાજયના વિવિધ જિલ્લાઓમાં વરસાદની આગાહી - આ વરસનું ચોમાસું વહેલું અને સારું હોવાના એંધાણ.**
- **આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિયાડ પરીક્ષા 2023-24માં સુરતના બે વિદ્યાર્થીઓએ સુવર્ણ અને કાંસ્ય ચંદ્રક મેળવ્યા છે.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## JP NADDA BETHAK

18મી લોકસભાની ચૂંટણીના પરિણામ બાદ નવી સરકાર રચવાની કવાયત તેજ બની છે. નવી દિલ્હીમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડાએ કેન્દ્રિય મંત્રીઓ અને પક્ષના વરિષ્ઠ નેતાઓ સાથે બેઠક યોજી હતી. શ્રી નડ્ડાના નિવાસસ્થાને યોજાયેલી આ બેઠકમાં કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, પીયૂષ ગોયલ, પ્રહલાદ જોષી, મનસુખ માંડવિયા અને અશ્વિની વૈષ્ણવ જેવા કેન્દ્રિય મંત્રીઓ, ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ તરૂણ ચુગ, પક્ષના નેતા વિનોદ તાવડે અને અન્ય વરિષ્ઠ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રીય જનતાંત્રિક ગઠબંધનના નેતાઓએ ગઈકાલે સર્વસંમતિથી નરેન્દ્ર મોદીને તેમના નેતા તરીકે પસંદ કર્યાના એક દિવસ બાદ આ બેઠકો યોજાઈ હતી.

નવી દિલ્હીમાં આવતીકાલે રાષ્ટ્રીય જનતાંત્રિક ગઠબંધનની બેઠક યોજાશે. આ બેઠકમાં ભાજપ, તેલુગુ દેશમ પાર્ટી, જનતા દળ યુનાઈટેડ, લોક જનશક્તિ પાર્ટી, શિંદે જૂથની શિવસેના, જનતાદળ સેક્યુલર અને રાષ્ટ્રીય જનતાંત્રિક ગઠબંધનના અન્ય ઘટક પક્ષોના નવા ચૂંટાયેલા સાંસદો બેઠકમાં ઉપસ્થિત રહે તેવી અપેક્ષા છે.

રાષ્ટ્રીય જનતાંત્રિક ગઠબંધનની ગઈકાલે યોજાયેલી બેઠક દરમિયાન એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. આ પ્રસ્તાવમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે, શ્રી મોદીના નેતૃત્વમાં ભારતે દરેક ક્ષેત્રમાં સર્વાંગી વિકાસ કર્યો છે.

દરમિયાન માહિતી અને પ્રસારણ મંત્રાલયે એક બેઠકમાં સતત ત્રીજી વખત પ્રધાનમંત્રી તરીકે નરેન્દ્ર મોદીના શપથ ગ્રહણ સમારોહ પહેલા રાષ્ટ્રપતિ ભવનમાં કવરેજ અંગેના સેટ–અપની સમીક્ષા કરી હતી.

## RAJKOT GAMEZONE GUJARAT HC

રાજ્યની વડી અદાલતે રાજકોટ ટીઆરપી ગેમઝોન દુર્ઘટના મામલે સુઓમોટો અરજી પર આજે સુનાવણી હાથ ધરી હતી. વડી અદાલતે રાજકોટ

મહાનગરપાલિકાની આ દુર્ઘટના અંગે ટીકા કરી હતી. વડી અદાલતમાં વધુ સુનાવણી આગામી 13મી જૂને થશે.

રાજ્યની વડી અદાલતે ગેમઝોન દુર્ઘટનાની તપાસ માટે રચાયેલી વિશેષ તપાસ ટુકડી ઉપર પણ પ્રશ્ન ઉઠાવતા કહ્યું કે, દર વખતે વિશેષ તપાસ ટુકડી બને છે પણ દુર્ઘટનાઓ અટકતી નથી. અદાલતના આદેશ બાદ જ તંત્ર હરકતમાં આવે છે. અને થોડા સમય બાદ સ્થિતિ જેમ હતી તેમ થઈ જાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વિશેષ તપાસ ટુકડીએ અહેવાલ માટે બે મહિનાનો સમય માગ્યો હતો, પરંતુ રાજ્ય સરકારે 28 જૂન સુધીમાં અંતિમ અહેવાલ બનાવવાની તાકીદ કરી છે. આ દુર્ઘટનામાં 28 લોકોના મૃત્યુ નિપજ્યાં હતાં.

## Gandhinagar Municipal Corporation Election

આગામી 10મી જૂને ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર, ડેપ્યુટી મેયર સહિતના હોદ્દેદારોની ચૂંટણી યોજાશે.

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશ મકવાણાએ જણાવ્યું છે કે, આગામી 10મી જૂને સામાન્યસભા યોજાશે. જેમાં તમામ કોર્પોરેટરો ઉપસ્થિત રહેસે. આ વખતે ગાંધીનગરને નવા મહિલા મેયર મળશે.

(બાઇટ-હિતેશ મકવાણા)

અત્રે ઉલ્લેખનીય છે કે, લોકસભાની ચૂંટણીની આચારસંહિતાને કારણે નવા હોદ્દેદારોની પસંદગી થઇ શકી નહોતી.

## ABVP EXICUTIVE MEETING

ગુજરાતના સુરતમાં આગામી આવતીકાલથી 9 જૂન સુધી અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદની રાષ્ટ્રીય કારોબારી બેઠક યોજાશે. આ બેઠકમાં શૈક્ષણિક સંસ્થાઓની માળખાકીય સુવિધાઓ, દેશભરમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો અમલ અને વિકસિત

ભારતમાં યુવાનોની ભૂમિકા અંગે પ્રસ્તાવ લાવવામાં આવશે અને તે અંગે ચર્ચા કરવામાં આવશે.

આ અંગે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના રાષ્ટ્રીય મહામંત્રી યાજ્ઞવલ્ક્ય શુક્લએ પત્રકાર પરિષદમાં જણાવ્યું કે, પરિષદની સ્થાપનાના 75 વર્ષ નિમિત્તે અમૃત વર્ષ અંતર્ગત શિક્ષણ ક્ષેત્ર પર વ્યાપક વિમર્શ કરવા માટે રાષ્ટ્રીય કારોબારી ની બેઠક સુરતમાં કરવામાં આવી રહી છે. આ બેઠકમાં દિલ્હી વિશ્વવિદ્યાલય, જવાહરલાલ નેહરુ વિશ્વવિદ્યાલય, હૈદરાબાદ કેન્દ્રિય વિશ્વ વિદ્યાલય, ત્રિપુરા કેન્દ્રિય વિશ્વ વિદ્યાલય, I.I.T., I.I.M સહિત દેશભરની શૈક્ષણિક સંસ્થાઓના લગભગ 500 વિદ્યાર્થીઓ ભાગ લેશે. ઉપરાંત આ બેઠકમાં આગામી એક વર્ષના કામની સમીક્ષાની સાથે આગામી વર્ષના કાર્ય અંગે પણ યોજના તૈયાર કરવામાં આવશે.

## wether

હવામાન વિભાગે આગામી સાત દિવસ સુધી રાજયના વિવિધ જિલ્લાઓમાં વરસાદની આગાહી કરી છે. દક્ષિણ ગુજરાત અને આસપાસના વિસ્તારોમાં સર્જાયેલા પ્રિ-મોન્સુન એક્ટિવિટીના ભાગરૂપે ચોમાસું વહેલું આવવાની શક્યતા છે.

હવામાન વિભાગે ખેડૂતો માટે આ વરસનું ચોમાસું વહેલું અને સારું હોવાના એંધાણ આપ્યા છે. મધ્ય અને ઉત્તર ગુજરાતનું આગામી 7 દિવસ સુધી તાપમાન 40 ડિગ્રીથી નીચે રહેવાની શક્યતા છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી બે દિવસ દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં વાવાઝોડા સાથે વરસાદ પડી શકે છે. આ પછી ત્રીજા દિવસથી સૌરાષ્ટ્ર-કચ્છના, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ અને દીવમાં વરસાદ થવાની શકયતા છે.

9 થી 11 જૂન સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ, ગાંધીનગરમાં રવિવારથી વરસાદ શરૂ થવાની આગાહી છે.

રાજ્યમાં 13 જૂનની આસપાસ ચોમાસાની શરૂઆત થવાની સંભાવના છે અને 25થી 27 જૂન સુધીમાં બનાસકાંઠા સુધીનાં તમામ વિસ્તારને આવરી લેશે.

## SOF –SURAT

આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિયાડ પરીક્ષા 2023-24માં સુરતના બે વિદ્યાર્થીઓએ સુવર્ણ અને કાંસ્ય ચંદ્રક મેળવ્યા છે .

સુરતના અમારા પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે કે , ધોરણ 7 ના વિદ્યાર્થી નાકરાણી મંથન સંજયભાઈએ ઈન્ટરનેશનલ જનરલ નોલેજ ઓલિમ્પિયાડમાં પ્રથમ રેન્ક મેળવી સુવર્ણ ચંદ્રક અને પ્રમાણપત્ર મેળવ્યું, અને ધોરણ 6 ની વિદ્યાર્થીની કિયાના સી પટેલે પણ આંતરરાષ્ટ્રીય ઇંગ્લિશ ઓલિમ્પિયાડમાં ત્રીજા ક્રમે રહી કાંસ્ય ચંદ્રક અને પ્રમાણપત્ર મેળવ્યું હતું સાયન્સ ઓલિમ્પિયાડ ફાઉન્ડેશન (SOF) દ્વારા આ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષના SOF ઓલિમ્પિયાડમાં 70 દેશોમાંથી લાખો વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. દિલ્હી ખાતે ઓલિમ્પિયાડના વિજેતાઓને સન્માનિત કરવા માટે સન્માન સમારોહનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ દીપક મિશ્રા અને વિખ્યાત લેખક ચેતન ભગત પણ હાજર રહ્યા હતા.

## Ambaji 3D Theatre

અંબાજી મંદિર પરિસરના થ્રીડી થિયેટરને ભક્તોની સુરક્ષાને કારણે બંધ કરવામાં આવ્યું છે.

તાજેતરમાં રાજકોટમાં બનેલી ઘટનાને પગલે અંબાજી મંદિર પરિસરમાં ફાયર સેફટીની તપાસ કરતાં એન.ઓ.સી. ન મળતાં તાત્કાલિક આ થિયેટરને બંધ તરવામાં આવ્યું હતું. આગ લાગવા જેવી ઘટના બને નહિ તે તકેદારી રાખી, ફાયર સેફટીની સુવિધા અને એન.ઓ.સી. મેળવ્યા બાદ આ પ્રવેશબંધી હટાવી લેવામાં આવશે.

## Narmada District Handball Competition

ખેલ મહાકુંભના બીજા તબક્કામાં રાજ્યકક્ષા હેન્ડબોલ સ્પર્ધામાં નર્મદા જીલ્લાની અંબુભાઇ પુરાણી શાળાની ટીમે કાંસ્યચંદ્રક જીત્યો છે. આણંદ ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં ગુજરાતના અલગ અલગ જિલ્લાઓમાંથી રમતવીરોએ ભાગ લીધો હતો.

શાળાના મેનેજિંગ ટ્રસ્ટી, શાળાના આચાર્ય, હેન્ડબોલ કોચ સંદિપ બારોટના માર્ગદર્શન હેઠળ ખેલાડીઓ ખુબ જ ઉમદા પ્રદર્શન કરી નર્મદા જિલ્લા તથા શ્રી અંબુભાઈ પુરાણી સ્કૂલનું ગૌરવ વધારેલ છે.

## Fatafat News

### હવે સાંભળીએ રાજયના કેટલાક અન્ય સમાચાર સંતક્ષિપ્તમાં..

રાજકોટમાં રાજયકક્ષાની સાયકલિંગ ઓપન એઇજ ભાઇઓ અને બહેનોની સ્પર્ધા યોજાઇ – 100 જેટલા લોકોએ ભાગ લીધો.

રાજય કાનૂની સત્તામંડળ દ્વારા અમદાવાદ જિલ્લાની તમામ કોર્ટોમાં 22મી જૂને રાષ્ટ્રીય લોકઅદાલત યોજાશે.

ભાવનગર રીજીયોનલ સાયન્સ સેન્ટર ખાતે 101 વૃક્ષો વાવી વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી.

ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા આવતીકાલે અમદાવાદ શહેરના કૃષ્ણનગરમાં યોગ શિબિર યોજાશે.

કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન વેળાવદર રેન્જ દ્વારા પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી.

સુરેન્દ્રનગર દૂધરેજ વઢવાણ નગરપાલિકા દ્વારા આજે શહેરમાં આવેલ વિવિધ મહાપૂરૂષોની પ્રતિમાઓ, બગીચાની સફાઇ કરવામાં આવી.

કૃષિ, ઇજનેરી અને ટેકનોલોજી કોલેજ ગોધરામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ આ વર્ષે સો ટકા પ્લેસમેન્ટનો લક્ષ્યાંક સિદ્ધ કર્યો છે.

**આજે શનિજયંતિ નિમિત્તે રાજયભરના મંદિરોમાં દર્શનાર્થીઓની ભીડ જોવા મળી હતી.**